(૨૦)

**પ્ર.૧ (ક) નીચેના શબ્દોના અર્થ લખીને ને તે કયા પાઠમાં આવે છે?** **(૪)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. સંસુદ્ધં | **પૂર્ણ શુદ્ધ છે** | **૫ મું શ્રમણસૂત્ર** |
| ૨. કુઈએ | **અયત્નાથી ખાંસી–ઉધરસ ખાવાથી** | **૧ લું શ્રમણસૂત્ર** |
| ૩. પડિગ્ગહ | **પાત્રા** | **૧૨ મું વ્રત/૫ મું શ્રમણસૂત્ર** |
| ૪. વઈક્કંતો | **વ્યતીત થયો છે** | **પ્રતિક્રમણનો ૩ જો પાઠ** |

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. કાલિક સૂત્રોનો સ્વાધ્યાય ક્યારે થાય? બીજું શ્રમણ સૂત્ર શેના વિષે છે?

**જ. દિવસના પહેલા અને ચોથા પ્રહરે અને રાત્રિના પહેલા અને ચોથા પ્રહરે એમ ચાર પ્રહરમાં સ્વાધ્યાય થાય છે. ગોચરીના દોષથી નિવર્ત્તવાનું.**

૨. તપના અતિચાર કયા પાઠમાં છે? તેમાં શેનો ત્યાગ કરવાનો છે?

**જ. સંથારાના પાઠમાં. ૧૮ પાપ, ચાર આહાર અને શરીર એ ૨૩ નો ત્યાગ કરવાનો છે.**

૩. તીર્થંકરની માતાને કેટલા સ્વપ્ન આવે છે? તેમના ગુણ કેટલા છે?

**જ. ૧૪ સ્પષ્ટ સ્વપ્ન. જો તીર્થંકરનો જીવ દેવલોકમાંથી આવે તો બારમા સ્વપ્નમાં માતાને દેવવિમાન દેખાય છે અને નરકમાંથી આવે તો ભવન દેખાય છે. ૧૨ ગુણ.**

**(ગ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. દશમા ગુણસ્થાને કેટલી પ્રકૃતિનો બંધ? કયા કર્મની કેટલી પ્રકૃતિ? કઈ કઈ? તેમાં પુણ્ય અને પાપની કઈ?

**જ. ૧૭ પ્રકૃતિનો બંધ. ૫ જ્ઞાનાવરણીય (નામ લખવા), ૪ દર્શનાવરણીય (નામ લખવા), ૫ અંતરાય (નામ લખવા), ૧ વેદનીય તે શાતા વેદનીય, ૧ નામ તે યશોકીર્તિ નામ અને ૧ ગોત્ર તે ઊંચગોત્ર. તેમાં પુણ્યની–૩ તે શાતા વેદનીય, યશોકીર્તિ નામ અને ઊંચગોત્ર અને પાપની–૧૪ તે ૫ જ્ઞાનાવરણીય, ૪ દર્શનાવરણીય, ૫ અંતરાય.**

**(બ) નીચેની પ્રકૃતિનો બંધ ક્યાં સુધી? બંધ વિચ્છેદ ક્યારે?** **(૫)**

| | બંધ | બંધ વિચ્છેદ |
|---|---|---|
| ૧. નિદ્રા | **આઠમા ગુણ.ના પહેલા ભાગ સુધી** | **આઠમા ગુણ.ના પહેલા ભાગના છેડે** |
| ૨. અપર્યાપ્ત નામ | **પહેલા ગુણસ્થાન સુધી** | **પહેલા ગુણસ્થાનના છેડે** |
| ૩. દેવાનુપૂર્વી | **આઠમા ગુણ.ના છટ્ઠા ભાગ સુધી** | **આઠમા ગુણ.ના છટ્ઠા ભાગના છેડે** |
| ૪. મતિ જ્ઞાનાવરણીય | **દશમા ગુણસ્થાનસુધી** | **દશમા ગુણસ્થાનના છેડે** |
| ૫. જિનનામ | **ચોથાથી આઠમા ગુણ.ના છટ્ઠા ભાગ સુધી** | **આઠમા ગુણ.ના છટ્ઠા ભાગના છેડે** |

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જીવ હિંસા આદિ સાવદ્ય કાર્ય કેમ કરે છે? **(૨)**

**જ. અનેક સંસારી જીવ આ જીવનને માટે, પ્રશંસાને માટે, માન – સન્માન તથા પૂજા – પ્રતિષ્ઠા માટે, જન્મ – મરણથી મુક્ત થવાના હેતુ માટે અને દુ:ખથી મુક્તિ મેળવવા માટે.**

૨. કર્મ શરીરને કોણ બાળી નાંખે છે? **(૧×૩)**

**જ. આત્માની સમાધિવાળો વીતરાગી પુરુષ.**

૩. કષાયરૂપ સંસારનું મૂળ સ્થાન શું છે?

**જ. ગુણ અર્થાત્ ૫ ઈન્દ્રિયના વિષય.**

૪. તુમં ચેવ તં સલ્લમાહટ્ટુ, જેણ સિયા તેણ નો સિયા । અર્થ લખો.

**જ. તે ભોગોની ઈચ્છારૂપ શલ્યનું સર્જન તમે પોતે કર્યું છે. જે ભોગ–સામગ્રીથી તને સુખ પ્રાપ્ત થાય છે, તેનાથી નથી પણ થતું.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ચાર અંતક્રિયા કોણે કરી તેના નામ લખો.

**જ. પહેલી અંતક્રિયા – ભરત ચક્રી, બીજી અંતક્રિયા –ગજસુકુમાલ મુનિ, ત્રીજી અંતક્રિયા – સનતકુમાર ચક્રી, ચોથી અંતક્રિયા – મરુદેવી માતા.**

૨. ચાર રાજકથા કઈ છે? તેના નામ લખો.

**જ. ૧. રાજાની અતિયાત કથા, ૨. રાજાની નિર્યાણ કથા, ૩. રાજાની બલવાહન કથા, ૪. રાજાની ભંડાર કથા.**

૩. ૪૫ લાખ યોજનાની કઈ વસ્તુઓ છે?

**જ. ૧. પ્રથમ નરકનો સીમંતક નામનો નરકાવાસ, ૨. સમયક્ષેત્ર એટલે કે અઢીદ્વીપ, ૩. ઉડુ વિમાન એટલે કે સૌધર્મ દેવલોકનો પ્રથમ પ્રસ્તટ (પાથડો), ૪. ઈષત્પ્રાગભારા નામની પૃથ્વી.**

૪. દેવને મનુષ્યલોકની ગંધ કેવી લાગે છે? શા માટે?

**જ. પ્રતિકૂળ અને અમનોજ્ઞ કારણ કે મનુષ્યલોકની ગંધ પહેલા અને બીજા આરામાં ૪૦૦ યોજન અને બાકીના આરામાં ૫૦૦ યોજન સુધી આ પૃથ્વી પર ઉછળે છે.**

૫. ચાર પ્રકારના જાતિ આશીવિષના વિષના માત્ર વિષય લખો.

**જ.૧. વીંછુ જાતિ આશીવિષ–અર્ધભરત પ્રમાણ માત્ર, ૨. મેંઢક જાતિ આશીવિષ–સંપૂર્ણ ભરતક્ષેત્ર પ્રમાણ માત્ર, ૩. ઉરગ જાતિ આશીવિષ – જંબૂદ્વીપ પ્રમાણ માત્ર, ૪. મનુષ્ય જાતિ આશીવિષ – સમયક્ષેત્ર પ્રમાણ માત્ર,**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મલ્લિ ભગવતી કેટલા સાધુ–સાધ્વીઓ સાથે ક્યાંથી, કેવી રીતે મોક્ષે ગયા?

**જ. ૫૦૦ સાધુઓ અને ૫૦૦ સાધ્વીઓ સાથે સમ્મેત શિખર પર્વત પર એક માસના પાદપોપગમન અનશન સહિત ચાર અઘાતી કર્મોને ક્ષીણ કરીને સિદ્ધ થયા.**

૨. ગણિમ, ધરિમ, પેય, પરિચ્છેદ વસ્તુમાં કોનો સમાવેશ થાય છે?

**જ. ગણિમ – નારિયેળ, સોપારી વગેરે ગણીને ક્રય – વિક્રય કરવા યોગ્ય વસ્તુ. ધરિમ – ધાન્ય વગેરે ત્રાજવાથી તોળીને, જોખીને ક્રય – વિક્રય કરવા યોગ્ય વસ્તુ. પેય – તેલ વગેરે પળી આદિથી માપીને ક્રય – વિક્રય કરવા યોગ્ય વસ્તુ. પરિચ્છેદ – રત્ન – વસ્ત્ર વગેરે ગુણ પરીક્ષા કરીને ક્રય – વિક્રય કરવા યોગ્ય વસ્તુ.**

૩. મલ્લિ ભગવતીના વિષયમાં શું અચ્છેરું બન્યું? શા માટે?

**જ. તીર્થંકરનો જન્મ સ્ત્રીલિંગે થયો. મલ્લિ ભગવતીએ મહાબલના ભવમાં તીર્થંકર નામ ગોત્રનો બંધ કરવા છતા પણ તપના વિષયમાં થોડી માયા કરી, તો સ્ત્રીરૂપે જન્મ થયો.**

૪. મહાબલ મુનિ કાળ કરીને ક્યાં ઉત્પન્ન થયા? ત્યાં તેમનું આયુષ્ય કેટલું હતું? ત્યાંથી કોના ગર્ભમાં આવ્યા? પ્રભાવતી દેવીને શું દોહદ થયો?

**જ. જયંત નામના ત્રીજા અનુત્તર વિમાનમાં. ૩૨ સાગરોપમ. કુંભ રાજાને ત્યાં પ્રભાવતી દેવીના ગર્ભમાં આવ્યા. ૩ માસ પૂર્ણ થયા ત્યારે પુષ્પશય્યાનો.**

૫. ચોક્ષા પરિવ્રાજિકા શેની જાણકાર હતી? કોની પાસે આવી? શેનો ઉપદેશ આપ્યો?

**જ. ઋગવેદ આદિ ચાર વેદોની જાણકાર હતી. રાજકન્યા મલ્લિ પાસે આવી. દાનધર્મ, શૌચધર્મ, તીર્થસ્થાનનો ઉપદેશ આપ્યો – અમારા મનમાં જે કોઇપણ વસ્તુ અપવિત્ર થઈ જાય તેને જળથી અને માટીથી શુદ્ધ–પવિત્ર કરાય છે યાવત્ આ સ્નાન આદિ ધર્મનું પાલન કરવાથી અમે નિર્વિઘ્ને સ્વર્ગે જઈએ છીએ.**

**અથવા**

**પ્ર.૪ નિરયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કાલકુમાર ક્યાં ઉત્પન્ન થયા? તેમનું ભવિષ્ય શું?

**જ. ચોથી પંકપ્રભા પૃથ્વીના હેમાભ નામના નરકાવાસમાં નૈરયિક રૂપે. ત્યાંથી નીકળીને મહાવિદેહ ક્ષેત્રમાં આર્યકુળમાં જન્મ લેશે અને દઢપ્રતિજ્ઞની જેમ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે યાવત્ સર્વ દુ:ખોનો અંત કરશે.**

૨. કોણિક રાજા પાસે કેટલું સૈન્ય હતું?

**જ. ૩૩ હજાર હાથીઓ, ૩૩ હજાર રથો, ૩૩ હજાર ઘોડાઓ અને ૩૩ કરોડ પાયદળ.**

૩. શ્રેણિકે પોતાના પુત્રનું નામ કોણિક શા માટે પાડ્યું?

**જ. બાળકને એકાંત ઉકરડામાં ફેંકવાથી એની આંગળીનો અગ્રભાગ કુકકુટ એટલે કે કૂકડાની ચાંચથી ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો.**

૪. કાલકુમાર અને રથમુશલ સંગ્રામ વિષે લખો.

**જ. એક વખત કાલકુમાર ૩ હજાર હાથીઓ, ૩ હજાર રથો, ૩ હજાર ઘોડાઓ અને ૩ કરોડ મનુષ્યને લઈને ગરુડ વ્યૂહમાં અગિયારમા ખંડ–અંશના ભાગીદાર કોણિક રાજાની સાથે રથમૂશલ સંગ્રામ કરવા પ્રવૃત્ત થયા.**

૫. અભયકુમારના માતા–પિતા કોણ? તે કેવા હતા? રાજ્યધુરા કેવી રીતે સંભાળતા હતા?

**જ. માતા – નંદાદેવી, પિતા – શ્રેણિક રાજા. સુકોમળ અને સ્વરૂપવાન. શામ, દામ, દંડ અને ભેદ નીતિમાં કુશળ રાજ્યધુરા ધારણ કરવાવાળા હતા.**

(૨૦)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ચૂલણીપિતાની ધન સંપત્તિનું વર્ણન કરો.

**જ. ૮ કરોડનું ધન નિદાનના રૂપમાં, ૮ કરોડ વ્યાપારમાં તથા ૮ કરોડની ઘરવખરી હતી. દશ હજાર ગાયોનું એક વ્રજ એવા ૮ વ્રજ હતા.**

૨. ભદ્રા સાર્થવાહીએ વ્રતભંગ માટે ચૂલણીપિતાને શું કીધું?

**જ. હે પુત્ર ! આવો કોઇ પુરુષ ન હતો યાવત્ તમારા નાના પુત્રને લાવીને માર્યો છે. આ તો કોઇ ઉપસર્ગ હતો એટલે જ તે આ ભયંકર દશ્ય જોયું છે અને તારા વ્રત – નિયમ – પૌષધ ખંડિત થયા છે. હે પુત્ર ! આ દોષ સ્થાનની આલોચના કરો અને તપ–પ્રાયશ્ચિત્ત સ્વીકારો.**

૩. ચૂલણીપિતા વર્તમાને ક્યાં છે? ભવિષ્ય શું?

**જ. સૌધર્મ દેવલોકમાં વતંસક મહાવિમાનના ઈશાનકોણમાં રહેલા અરુણપ્રભ વિમાનમાં દેવરૂપે છે. દેવભવ પૂર્ણ કરી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ–બુદ્ધ–મુક્ત થશે.**

૪. દેવે ત્રીજીવાર કોને મારવાની ધમકી આપીને શું કર્યું?

**જ. નાના પુત્રને મારવાની ધમકી આપી તો પણ ચૂલણીપિતા નીડર રહ્યા તો દેવે નાના પુત્રને પણ મારીને ઊકળતા રક્તમાંથી એના શરીરનું સિંચન કર્યું.**

૫. ચૂલણીપિતા કયા નગરમાં રહેતા હતા? તેમની પત્નીનું નામ શું? ત્યાં કયું ઉદ્યાન હતું? ત્યાંના રાજા કોણ?

**જ. વાણારસી નગરીમાં. શામા પત્ની. કોષ્ઠક ઉદ્યાન. જિતશત્રુ રાજા.**

**(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ગજસુકુમાર મુનિને જોઈને સોમિલને શું વિચાર આવ્યો?

**જ. અરે ! આ તો પેલો નિર્લજ્જ, શ્રી કાંતિ આદિથી પરિવર્જિત, મૃત્યુને ઈચ્છાવાળો ગજસુકુમાર છે. તે પુણ્યહીન અને દુર્લક્ષણયુક્ત છે. મારી નિર્દોષ દીકરી સોમા, જે યુવાન છે, તેને વિના કારણે જ છોડીને આ સાધુ બની ગયો છે.**

૨. દેવકીને અતિમુક્તક મુનિએ શું કહ્યું?

**જ. હે દેવકી ! તું ૮ પુત્રોને જન્મ આપીશ. તારા બધા પુત્રોની આકૃતિ, વય અને કાંતિ આદિ સમાન હશે અને તે નલકૂબેરની સમાન સુંદર હશે. આ ભરતક્ષેત્રમાં તારા સિવાય કોઈ માતા એવી નહિ હોય જે આવા સુંદર**

**પુત્રોને જન્મ દઈ શકે.**

૩. ગજસુકુમાર મુનિએ દીક્ષા લઈને ભગવાનને શું કહ્યું?

**જ. હે ભગવાન ! આપની આજ્ઞા હોય તો મારી ઈચ્છા છે કે મહાકાલ સ્મશાનમાં જઈ એક રાત્રિની મહાપ્રતિમા સ્વીકાર કરવા અર્થાત્ સંપૂર્ણ શીઘ્ર ધ્યાનસ્થ થઈ ઊભા રહેવા માંગુ છું.**

૪. દેવકીએ સ્વપ્નમાં શું જોયું? ગજસુકુમાર નામ કેમ પડ્યું? તે કઈ ગતિમાંથી આવ્યા હતા?

**જ. સિંહનું સ્વપ્ન. આ બાળક ગજના તાળવા સમાન સુકોમળ છે. દેવલોકમાંથી.**

૫. છ સહોદર ભાઈના શરીરની કાંતિ અને વાળ કેવા હતા?

**જ. શરીરની કાંતિ – નીલકમળ, ભેંસના શીંગના આંતરિક ભાગ અને ગુલીના રંગની સમાન તથા અળશીના ફૂલની જેમ નીલા રંગવાળી હતી. વાળ – ફૂલોની જેમ કોમળ અને કુંડલીની સમાન વાંકડિયા અને અતિ સુંદર લાગતા હતા.**

**(૧૫)**

**પ્ર.૬ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૯)**

૧. લજ્જા દયા ...... **પાના નં. ૮૨ ગાથા ૧૩** ૨. જે યાવિ મંદિત્તિ ...... **પાના નં. ૭૮ ગાથા ૨**

૩. પેહેઈ હિયાણુ ...... **પાના નં. ૯૭ ગાથા ૨**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

| | **જવાબ** |
|---|---|
| ૧. ધર્મરૂપી વૃક્ષનું મૂળ શું છે? તેનું ફળ શું છે? | **વિનય, મોક્ષ** |
| ૨. કેવા વચનો બોલનારા અવિનીત હોય છે? | **કઠોર તથા અહિતકારી** |
| ૩. શેનું અભિમાન કરનારને મોક્ષ મળતો નથી? | **બુદ્ધિ અને ઋદ્ધિ** |
| ૪. કઠોર વચનો કેવા છે? | **કાનમાં બાણની જેમ વાગનાર** |
| ૫. આહાર કોને ત્યાંથી લેવાનો છે? | **અજ્ઞાતકુળમાંથી** |
| ૬. સાધુપણું શેના પર અવલંબે છે? શેમાં સમભાવ રાખવાનો છે? | **ગુણો પર, રાગ–દ્વેષ** |

**(૧૦)**

**પ્ર.૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પર દયા અને વ્યવહાર દયા એટલે શું?

**જ. પર દયા – તે બીજા જીવોની રક્ષા કરે. વ્યવહાર દયા – જેવી શ્રાવકને દયા પાળવા કહી છે તે સાચવે તે, ઘરના અનેક કામકાજ કરતા જતના રાખવી તે.**

૨. કઈ જાગરિકા શ્રાવકને હોય? તે લખો.

**જ. સુદક્ખુ – સમ્યગ્જ્ઞાન – દર્શન સહિત ધન–કુટુંબ આદિ તથા વિષય–કષાયને ખોટા જાણે છે, દેશથી નિવર્ત્યા છે, ઉદયભાવથી ઉદાસીનપણે રહે છે, ત્રણ મનોરથ ચિંતવે છે.**

૩. આત્મા શા માટે સદેહ પરિણામવાળો છે? ચૈતન્ય એટલે શું?

**જ. તેનામાં સંકોચ – વિસ્તાર કરવાની શક્તિ છે. ચૈતન્ય એટલે જેને સંવેદના થાય તે આત્મા.**

૪. કષાય આત્માના ગુણસ્થાન કેટલા છે? પંચ પરમેષ્ઠિમાં કષાય આત્મા કોને હોય?

**જ. ૧ થી ૧૦ ગુણસ્થાન. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ – સાધ્વીને.**

૫. એક જીવમાં ..... એક છે, પણ ..... સાત છે એટલે જીવ એક ..... આત્મા છે શેષ સાત આત્મા તેની .... છે.

**જ. આત્મા, પર્યાયો, દ્રવ્ય, પર્યાય.**

**(૧૦)**

૧. સમુદ્ઘાત એટલે શું? અહીં મુખ્યતાએ કઈ સમુદ્ઘાતનું વર્ણન છે?.

**જ. આત્મપ્રદેશોમાં વેદના આદિની પ્રબળતાથી વિશેષ પ્રકારનું સ્પંદન તે. મારણાંતિક અને કેવળ.**

૨. જેનો ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન આખા લોકમાં હોય તેવા જીવના ભેદ કેટલા? કયા કયા? બાદર તેઉકાયના અપર્યાપ્તાનો સ્વસ્થાન અને સમુદ્ઘાત લખો.

**જ. ૧૦, ૫ સૂક્ષ્મ સ્થાવરના અપર્યાપ્તા અને પર્યાપ્તા. સ્વસ્થાન – લોકના ઘણા અસંખ્યાતમા ભાગમાં. સમુદ્ઘાત – સંપૂર્ણ લોકમાં.**

૩. શીત આદિ યોનિનો અલ્પ બહુત્વ લખો.

**જ. સર્વથી થોડા શીતોષ્ણ યોનિયા, તેથી ઉષ્ણ યોનિયા અસંખ્યાતગુણા, તેથી અયોનિયા અનંતગુણા, તેથી શીત યોનિયા અનંતગુણા.**

૪. તીર્થંકરની માતાને કઈ યોનિ હોય? તે કેવી હોય? સ્ત્રીરત્નને કઈ યોનિ હોય? શા માટે?

**જ. કચ્છા – કાચબાને આકારે. કાચબાના પીઠની જેમ ઉપસેલી. શંખાવર્ત. તે યોનિવાળી સ્ત્રીને સંતાન ન થાય.**

૫. છટ્ઠી નરકે કઈ કઈ યોનિવાળા જીવ હોય? તેઉકાયમાં કઈ યોનિ હોય?

**જ. ઉષ્ણ યોનિ, અચેત યોનિ, સંવુડા યોનિ. તેઉકાયમાં – ઉષ્ણ યોનિ, સચેત, અચેત, મિશ્ર, સંવુડા.**